# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

આવેલી નાવ કિનારે ડૂબાડી 'હાથે' કરીને!
કપાવ્યા હાથ મિત્રોના દગાથી હાથે કરીને!
કરી દીધા 'હાથ' ઊંચા છોડીને સાથ વર્ષોનો -
પેટ ચોળીને ઉભી કરી પીડા, 'હાથે' કરીને!!
(હાથનાં કર્યા..)

## હાઈકુ

પાણી વિનાના,
ચૂંટણી 'રણે' વાવે
સંકલ્પ સ્વપ્નાં..
(વચનો નો રણોત્સવ)

એક કાંકરે
'વડા'-'મુખ્ય' પદનાં -
મરે બે પંખી..
(કાન ફૂંકેલા પ્રચારકો)

## ચિંતન

**ઉત્તમા આત્મના ખ્યાતાઃ પિતુઃ ખ્યાતાશ્ચ મધ્યમાઃ ।**
**અધમા માતુલાત્ખ્યાતાઃ શ્વસુરાચ્ચાધમાધમાઃ ॥**

પોતે-સ્વપ્રયત્ન દ્વારા મેળવેલી ખ્યાતિ કીર્તિ-નામના ઉત્તમ છે, પિતાના પરાક્રમ અને તેમના નામથી મળતી પ્રસિધ્ધિ-કીર્તિ-ખ્યાતિ મધ્યમ છે, મોસાળ પક્ષ દ્વારા જો ઓળખ-કે પ્રખ્યાતિ મળે તો એ અધમ કહેવાય પરંતુ શાસરી પક્ષ દ્વારા તેમના નામનો ઉપયોગ કરી પ્રાપ્ત થતી ખ્યાતિ તો અધમથી પણ અધમ છે.

આજકાલ રાજકારણમાં આપબળે નાનપણથી રાષ્ટ્રીય સેવા-આંદોલન-જેવાં કાર્યકરી 'નેતા' થયા હોય એવા જૂજ નેતા હશે..

પરંતુ રાજકારણમાં હવે પિતા-પ્રધાનો પોતાના પુત્રને વારસાગત ગાદી મળે એવી પેરવીમાં જ હોય છે. 'કાશ્મીર'તો જાણે કુળ પરંપરાની રાજગાદી ન હોય?!

ફિલ્મી કલાકાર પુત્રો મરડીતરડી કલાકાર થઇ જાય, 'મામા' આગળ પડતા હોય તો ભાણેજ પણ અભિનય સમ્રાટ થઇ જાય છે. પરંતુ 'રોબર્ટ વાદ્રા' તો સરકારના જમાઇની નામના પ્રાપ્ત કરી ચૂક્યા છે. આ શ્લોકમાં ઉત્તમથી અધમાધમની સમજ આપવામાં આવી છે.

## સુવિચાર

- જીવનમાં નિરાશા અને હતાશા પામવાનું સૌથી મોટું આળશ સિવાય બીજું કંઇ જ નથી **- બર્ટન**
- એક લક્ષાધિપતિ અને બીજી તરફ ભિક્ષાધિપતિ આવો અપ્રમાણ સમાજ છે તેથી જ તે અસુંદર અને અકલવિકળ, દુઃખી છે **- સાને ગુરૂજી**
- ધન ખાતરની જેમ જો ફેલાવી ન દેવાય તો નિરૂપયોગી બની ગંધાય છે **- બેકન**
- આનંદ તો જીવનની દરેક ક્ષણમાં છુપાયેલો જ છે તેને શોધી, પામતાં આવડવું જોઇએ **- ચાંપશી ઉદેશી**
- મનુષ્ય જીવન કોઇ એક હેતુ, મૂલ્ય પર રચાય છે અને પસાર થાય છે **- ક.મા.મુન્શી**
- શુધ્ધ આહાર એટલે, જાત મહેનતથી, કોઇને પણ નૂકશાન કર્યા વિના, શુધ્ધ ભાવનાથી, અને ભક્તિપૂર્વકનો આહાર **- રવિશંકર મહારાજ**
- આપણે બધા કોઇને કોઇને ખૂશ કરવા જીવીએ છીએ **- જોન્સન**

## બોધ કથા

આજ તો નેતાશ્રીની હાજરીમાં વિદેશીઓ ભારતની પ્રજાની, દેશની ઠેકડી ઉડાડી જાય તો પણ એમના 'વિશાળ' પેટનું પાણી પણ હલતું નથી. આજના વિદ્યાર્થીઓ ડ્રગ-વ્યસન-મારામારી-નવા આવનાર વિદ્યાર્થીઓ પર જુલ્મ ગુજારવા માટે કોલેજમાંથી બરતરફ થાય છે પણ રાષ્ટ્રભક્તિ-સેવા માટે કોઇ બરતરફ થયો? અંગ્રેજી મીડિયમની શાળામાં અન્ય ધર્મો પ્રત્યે ગમે તેવું સાંભળી સમસમી જ બેઠા રહે છે ને? (માંડ તો એડમીશન મળ્યું હોય!)

નેતાજી સુભાષચંદ્ર બોઝમાં કિશોરાવસ્થાથી જ પ્રબળ રાષ્ટ્રપ્રેમ ધરાવતા હતા, અને અભ્યાસમાં પણ આખી કોલેજમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે સૌનો આદર પ્રાપ્ત કર્યો હતો. તેઓ કોલકત્તાની પ્રેસીડન્સી કોલેજમાં અભ્યાસ કરતા હતા. સ્વાભાવિક રીતે તે કોલેજના પ્રિન્સીપાલ-અધ્યાપકો 'અંગ્રેજ હતા.'

એકવાર એક વ્યાખ્યાનમાં અંગ્રેજ પ્રિન્સીપાલે ભારત અને હિંદુસ્તાનીઓ પ્રત્યે કંઇક અપમાનજનક શબ્દો વાપર્યા. બીજા બધા વિદ્યાર્થીઓ તો શાંતિથી સાંભળીને બેસી રહ્યા. પણ સુભાષબાબુથી આ અપમાનજનક શબ્દો સહન ન થયા. તરત ઊભા થયા. લાલ આંખે-ધ્રુજારી ભર્યા સ્વરે બોલ્યા. અમારા દેશ અને દેશવાસીઓની તમે પ્રશંસા ન કરો તો ઠીક છે પણ આવા શબ્દો તો તમારે ન જ વાપરવા જોઇએ. દેશવાસીઓની તમારે માફી માગવી જોઇએ.

વાત-વિવાદે પહોંચી. સુભાષબાબુ વધારે ગુસ્સે થયા. મારામારી પર વાત આવી. પ્રિન્સીપાલે તેમને બરતરફ કર્યા.

આ બરતરફી રાષ્ટ્રભક્તિની પ્રસાદી સ્વરૂપ સુભાષબાબુએ સ્વીકારી લીધી.

# મારી પાસે એક ઘોડો હતો, હું પણ ઘોડાને વેચવા માંગતો હતો, સાથે સાથે નવો અનુભવ મેળવવા માંગતો હતો, તેથી છગનની સાથે ગયો હતો, છગનને ગધેડો ગમતો હતો, તે ખરીદવા માંગતો હતો, કોઇએ કહ્યું કે ઘોડા કરતાં ગધેડા વધારે વફાદાર હોય છે

## નવાં કલેવર

- નટવર હેડાઉ

આજકાલ એક ગધેડો બહુ ઉદાસ રહે છે. તેની એ ઉદાસીનતા મારાથી જોવાતી નથી. હું પણ તેના કારણે ઉદાસ રહું છું. ગધેડાએ આ રીતે ઉદાસ રહેવું ન જોઇએ.

પહેલાં વિચારેલું કે એ ચૂંટણીના કારણે ઉદાસ રહે છે. હવે ચૂંટણી પણ આવી ગઇ. પણ ગધેડાની ઉદાસીનતા ગઇ નહીં. તેની નજર ઉતારવાનો ટુચકો પણ કર્યો. પણ કંઇ ફાયદો થયો નહીં. ડોકટરો કહે છે કે તેને કોઇ આઘાત લાગ્યો છે. તેથી દુઃખી છે. હું વિચારૂં છું કે ગધેડાને વળી ગયો આઘાત લાગવાનો હતો.

જયારથી આ ગધેડો અહીં આવ્યો છે ત્યારથી ઉદાસ છે છગને તેને જયાંથી ખરીદેલો ત્યાં લઇને ગયા. થોડીવાર બાદ જોયું તો ગધેડો ખુશ હતો. મારી ચિંતા વધી ગઇ કે આ ગધેડો. છગન પાસે કઇ રીતે રહેશે. ઉદાસ રહીને તો એક દિવસ મરી જવાનો. વાત એમ હતી કે છગને આ ગધેડો એક પાર્ટી પાસેથી ખરીદેલો. એ રાજકીય પાર્ટીના કાર્યાલયમાં લીલુછમ્મ ઘાસ ચર્યા કરતો હતો. જયારે ત્યાં ગધેડાઓની સંખ્યા વધી ગઇ ત્યારે પાર્ટીના પ્રભારીએ એક ગધેડો વેચી દેવાની યોજના બનાવી. મારી પાસે એક ઘોડો હતો. હું પણ ઘોડાને વેચવા માંગતો હતો. સાથે સાથે નવો અનુભવ મેળવવા માંગતો હતો. તેથી છગનની સાથે ગયો હતો. છગનને ગધેડો ગમતો હતો. તે ખરીદવા માંગતો હતો. કોઇએ કહ્યું કે ઘોડા કરતાં ગધેડા વધારે વફાદાર હોય છે.

મને પણ એમ થયું કે કોઇ એવો માણસ મળી જાય તો આ ઘોડો તેને આપીને છગન માટે ગધેડો લઇ લઇએ.

મારો ઘોડો કિંમતી હતી. તેની કિંમતમાં ચારપાંચ ગધેડા આસાનીથી આવી જાય. તે દિવસોમાં કાર્યકર્તા સંમેલનમાં એક પાર્ટીના કાર્યાલય જવાનું થયું. તે માટે અમે પાટનગર પહોંચ્યાં. ત્યાં લોનમાં કેટલાક ગધેડાઓને ચરતા જોયા. મેં કાર્યાલયના પ્રભારીને પૂછ્યું તો તેણે કહ્યું કે એક ગધેડો અમારી પાસે વધારાનો એટલે કે સરપ્લસ છે. તેથી મેં તેમને વિનંતી કરી કે તો પછી એ ગધેડો અમારા છગનને આપી દો.

કાર્યાલયના પ્રભારીએ કહ્યું. 'અમે ગમે તેને ગધેડા આપી દેતા નથી. અમે જેને ગધેડો આપીએ એ પાર્ટીનો સભ્ય હોવો જોઇએ.'

ત્યારે છગને કહ્યું કે હું છેલ્લા પચ્ચીસ વર્ષથી પાર્ટીની સેવા કરૂં છું. મારી નિષ્ઠા અને પાર્ટી પ્રત્યેની વફાદારી અંગે તમે કોઇ શંકા કરી શકશો નહીં.

તે છગનને ગધેડો આપવા સંમત થઇ ગયા. પણ પાર્ટી પ્રભારીની અનુમતિ વિના એ ગધેડો કઇ રીતે આપી શકે. તેથી હું પાર્ટી પ્રભારી પાસે ગયો. ત્યાં બહુ ભીડ હતી. પાર્ટી પ્રભારીને જરાય ફૂર્સત ન હતી. હું ખૂબ દૂર દૂરના ગામડેથી ચાલીને લાંબુ અંતર કાપ્યા પછી ત્રણ વાહનો બદલીને છગનની સાથે પાટનગરમાં આવ્યો હતો. તેથી ગધેડા અંગેની આખી પ્રક્રિયા અમે એકજ ધક્કામાં પુરી કરવામાં માંગતા હતા. પણ અમારે ત્રણ દિવસ થયા. કેમ કે, પાર્ટી પ્રભારીને મળવાનો એક મિનિટનો પણ સમય મળતો ન હતો. અમે તેના ઘરે રાતે ગયા તો પણ ભીડ હતી. આ ભીડ ટિકીટ લેવાવાળાઓની હતી.

ચોથા દિવસે અમારો નંબર આવ્યો. મારી અરજી જોઇને પાર્ટી પ્રભારીને આશ્ચર્ય થયું. ટિકીટ વાંચ્છુઓમાં એક ગધેડો ઇચ્છુક પણ છે. તેમને એમ થયું કે અમને ગધેડા કહીને બહાર કાઢી મુકે. પણ એ એવું કરીને મીડિયા સામે પોતાની બેઇજ્જતી કરવા માંગતા ન હતા. મીડિયાવાળાઓએ પાર્ટી પ્રભારી અને અમારી સામે કેમેરા તાકી દીધા હતા. મને એમ થયું કે છગન ગધેડો રાખવાનો છે તે ઇચ્છા માત્રથી આટલી પબ્લીસિટી મળી રહી છે તો તેને રાખ્યા પછી કેટલી મળશે? મારા મગજમાં એ આવેલું જ નહીં કે આ સમય અને સ્થાન કયું છે. પાર્ટી પ્રભારીએ કૃપા કરીને અમને પૂછ્યું. 'મારી પાસે તમારી શી અપેક્ષા છે.'

અમે કહ્યું, 'સાહેબ એક ગધેડો જોઇએ છે.'

તેમણે કહ્યું, 'આ પાર્ટીનો ગધેડો છે. અમારે ત્યાં હાલમાં ઘાસ ઘણું ઊગી નીકળ્યું છે તેથી કાર્યાલય માટે ગધેડાઓની બહુ જરૂર પડે છે. એમ કરોને તમારી ઇચ્છા હોય તો આપતા મહિને લઇ જજો.'

અમે આવવા-જવાની મુશ્કેલીની વાત કરી એટલે તેમણે ગધેડાની કિંમત પાર્ટી ફંડમાં જમા કરાવી લઇ જવાની સંમતિ આપી દીધી.

અમે રકમ આપીને ગધેડો ખરીદી લીધો, ગામડે લઇ આવ્યા. આખું ગામ તેને જોઇને ખુશ થયું. એક મિત્રએ કહ્યું, 'તમે આ ગધેડો પાટનગરથી લાવ્યા અને એ પણ પાર્ટી કાર્યાલય પાસેથી દોસ્ત મજા આવી ગઇ હો.'

એ રીતે ધીરે ધીરે ગામમાં ગધેડાના પ્રસંસકો વધવા લાગ્યા. પણ છગનની મુશ્કેલીઓ વધી રહી હતી. એ તેની પાસે જે કામ લેવા માંગતો હતો તે લઇ શકતો ન હતો. તે ઉપરાંત એ ગધેડાની પરિક્ષા પણ લેવા માંગતો હતો. પણ તેને એ માટે સમય મળતો ન હતો. લોકો પાર્ટીના આ ગધેડાને જોવા ભીડ જમાવતા હતા. પાર્ટીના સ્થાનિક પ્રતિનિધિઓ પણ ગધેડાને જોવા આવ્યા. તે પણ ગધેડાથી પ્રભાવિત થયા વિના રહી ન શક્યા. પાર્ટી કાર્યાલયના ગધેડાની તો વાત જ કંઇક ઓર હોય છે. તેમણએ છગનને ધમકાવ્યો. 'જો આ ગધેડાને કંઇ અન્યાય થયો છે તો તારી ખેર નથી.'

છગને કહ્યું, 'હું પાર્ટી સાથે કોઇ દ્રોહ કરૂં તો કહેજો. ગધેડાનું મારે શું કરવું, શું ન કરવું તેની ચિંતા તમે ન કરો. પાર્ટીને જો તેની ચિંતા હોત તો એ કંઇ વેચી દેત નહીં.'

એક સભ્ય ગુસ્સામાં બોલ્યો, 'જો ગધેડાની સાથે ગેરવર્તાવ કરવો જ હતો તો પાર્ટીનો ગધેડો શું કામ લીધો.'

અમે તેને સમજાવ્યો કે 'એ ગધેડાની સાથે એવું કોઇ વર્તન કરવામાં નહીં આવે જેના કારણે પાર્ટીને આંચ આવે. પણ તમે એકવાર ગધેડા સાથે છગનને એકલો મુકો.'

જયારે એ લોકો જતા રહ્યા ત્યારે ગધેડો ઉદાસ થઇ ગયો. તેને ઘાસ પણ ન ખાધું કે પાણી પણ ન પીધું. બીજા દિવસે છગને ગધેડાને સાથે લઇ કામ માટે ગયો. જયાં ગધેડાની ઉપર માટી લાદી ત્યાં તે બેસી ગયો. છગનને થયું કે આ ગધેડો કામનો નથી. પાટનગરનો ગધેડો ગામમાં ઉપયોગી થાય નહીં. તેણે પૂંછડી પકડીને એને ઊભો કર્યો. આટલું વજન તો ઘોડો પણ ખેંચી શકતો હતો. છગને તેને બેચાર ડફણાં માર્યા ત્યાં તો પાર્ટીના કાર્યકરો આવી ગયા. છેવટે હારી થાકીને અમે નિર્ણય કર્યો કે આ ગધેડોન પાર્ટીના કાર્યાલયે પાછો પહોંચાડી દઇએ અને આપણા પૈસા પાછા લઇ લઇએ.

બીજા દિવસે નહાઇ-ધોઇને તૈયાર થઇ અમે બંને પાટનગર જવા નીકળી પડ્યા. ત્યાં પહોંચીને ગધેડા પાર્ટીના કાર્યાલયને સોંપી અમારા પૈસા માંગ્યા. પાર્ટીએ એમ કહીને પૈસા આપવાની ના પાડી દીધી કે, 'તમે ગધેડાને ખુબ જ નબળો પાડી દીધો છે. આ ગધેડો વજન ઉપાડવા માટે નથી ફક્ત ઘાસ ખાવા માટે જ છે. તમે તેની પાસે વજન ઉંચકાવ્યું તેની પેનલ્ટી લાગશે.'

અમે આગળ કંઇ કાર્યવાહી થાય તે પહેલાં જીવ લઇને નાઠી. ચોકીદારે અમને સમજાવ્યું. 'આ પાર્ટીનો ગધેડો છે. પાર્ટીમાં જ રાજી ખુશીથી રહેશે. ચુપચાપ જતા રહો નહીં તો મુશ્કેલીમાં મુકાઇ જશો.'

અમે સીધા ગામે આવી ગયા. પૈસા પણ ડૂબ્યા અને ગધેડા પણ ગયો. વાહ પાર્ટી વાહ!

- vanvihari@gmail.com

# આપણને સૌને આ શું થયું છે? દોડતાં દોડતાં કયાં જઇ રહ્યાં છીએ?

## પારિજાત

- રેખા ભટ્ટ

"પાસેથી પસાર થતા
જતા માણસોને, ગાડીઓને
જોઇને બે વૃક્ષો
એકબીજાને પૂછે છે
આપણે તો વધીએ છીએ
આકાશ તરફ
આપણે કંઇ ભૂલ તો
નથી કરતાં ને?"

આ કવિતા અક્ષરશઃ નથી અને કોની છે તે પણ ખબર નથી પણ ભાવ/મતલબ જે સમજાયો તે બરાબર છે.

આપણે પણ સવારથી સાંજ સુધી ઘડિયાળના કાંટે દોડ્યા જ કરીએ છીએ. આપણને કયારે થશે કે આપણે કંઇ ભૂલ તો કરતાં નથી ને?

આપણને સૌને આ શું થયું છે? દોડતાં દોડતાં કયાં જઇ રહ્યાં છીએ?

અટકીશું ખરાં? કયારે? કયાં?

તો, શ્વાસ ખાઓ, આજુબાજુ નિહાળો, પાછળ રહી ગયા છે તેમની રાહ તો જૂઓ!

તમે ઉભા નથી રહેતા એટલે ( ) વધતું જ જાય છે.

અને પાછળ છૂટી ગયેલા - એકલા રહી ગયેલા સ્વજનો/મિત્રો હાથ હલાવે છે તે દેખાતું નથી. અવાજો સંભળાતા નથી. ચહેરા ધૂંધળા થઇ ગયા છે, ઓળખાતા નથી, તેથી હોંકારો દેખાતો નથી.

અને તમારે ય તે કયાં જવું છે? કંઇ ખબર ખરી? એના કરતાં થોડી વાર તો જૂઓ ભલા માણસ! તમારા ઉતાવળે ચાલ્યા જવાની લ્હાયમાં રસ્તે ઊભેલાં પરિચિતોએ આછું સ્મિત કર્યું તે તમને દેખાયું નહીં!

છોભીલા પડી ગયા તોય એ લોકો હજુ તમારી રાહ જોશે, કદાચ તમે પાછા વળશો એવી આશા રાખશે.

અને તેમને જેમને પહોંચવા આ ઉતાવળે ચાલ્યા તે તો કયારનાયે ઊંચા આસને બિરાજી ગયા છે. હવે તેઓ તો તમને ઓળખશે પણ નહીં, આવકારશે પણ નહીં!

એટલે તમે મૂંઝાઇને એક ક્ષણ અટકી ગયા છો, તો હવે વિચારો...

અને સાચું કહો તો પાછા વળવાનું વિચારો... કદાચ અધવચ્ચે ભેટો થઇ જાય પણ ખરો...

તમને પણ સ્વજનો વચ્ચે રહેવું ગમશે. છોને ધૂળ ભરેલો હોય પરિચિત રસ્તો ગમવા માંડશે. તો શું વિચારો છો? પાછા ના વળી શકો તો રાહ તો જૂઓ!


"એક માણસ કયારનો
આંસુ લૂછે છે બાંયથી,
આપણાથી તોય ત્યાં
રૂમાલ દેવાતો નથી."

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૫મી ડિસેમ્બર

- ૩૦૦થી વધુ કથાઓનાં સર્જક એલેકઝાન્ડર ડૂમાની પુણ્યતિથિ.
- હેન્રી થર્ડ એન્ડ હીઝ કોર્ટ, ધી થ્રીમસ્કેટિયર્સ કાઉન્ટ ઓફ મોન્ટેક્રિસ્ટો ખ્યાતનામ કૃતિઓ નાટ્યકાર-નવલકથાકારનું અવસાન - ૧.૧૨.૧૮૭૦. સામાજિક સુધારા માટે તેઓ અતિ આગ્રહી હતા.
- આંતરરાષ્ટ્રીય આર્થિક-સામાજિક વિકાસ માટે NGOના કાર્યકરો માટે સ્વયંસેવક દિન તરીકે ઉજવાય છે. તા.૫મી ડિસેમ્બર. સેવાભાવી સભ્યો સ્વયંસેવક તરીકે પોતાનું યોગદાન આપે તેવા હેતુસર.



- ૧૯૩૫ - નેતાજી સુભાષચંદ્ર બોઝે હિટલરની મુલાકાત લીધી.
- ૧૯૫૯ - ગ્રીક, લેટિન, અંગ્રેજી, ફ્રેન્ચ ભાષાના જ્ઞાની, લેખક યોગના ઉપાસક મહર્ષિ અરવિંદ ઘોષનું પોંડીચેરી ખાતે અવસાન.



- ૧૯૧૨ - નીડર, નિષ્ઠાવાન, પત્રકાર, લેખક, ઇચ્છારામ સૂર્યરામ દેસાઇનું અવસાન.

# અને દીકરાએ દયા ખાઈને પોતાની સગી જનેતાને એક રૂમ ભાડે રહેવા આપી... જમવાના પૈસા અલગ...

## વિચાર મંચ

- પોપટલાલ એસ. પ્રજાપતિ

મા એ મા છે તેના સ્વાર્પણની અને સહનશીલતાની ગમે તેટલી કસોટી કરવામાં આવે તે કદી નાપાસ થતી નથી. માની મમતાને કસોટીની એરણે ચઢવાનારા દીકરાઓને હંમેશાં પ્રસ્તાવાનો વારો આવે છે. 'મા'નું મૂલ્ય ચૂકવવાની કોશિશ કરનારાઓની જિંદગી વેડફાઇ જાય છે પણ એનું મૂલ્ય તો શું માના ધાવણની પણ કિંમત ચુકવી શકતા નથી. મા કષ્ટ સહે છે, ઠોકર ખાય છે, અપમાનિત થાય છે. છતાં ચૂપચાપ સહન કરી લે છે કારણ કે મા એ મમતાનો પર્યાય છે. અને મમતાને કોઇ અપેક્ષા હોતી નથી. તે ફૂલ જેવી કોમળ છે, પણ સહનશીલતામાં વજ્ર જેવી કઠોર બની જાય છે. આવી જ એક માની કરૂણ કથની છે, જે સાંભળતા હૈયું હમચમી ઉઠે અને દીકરા પર ફીટકાર વરસાવવાનું મન થાય અને છતાં આ સત્યઘટના ગુજરાતના પાટનગરમાં કહેવાતા શિક્ષિત નગરમાં બને તે શરમજનક ન કહેવાય? અહિં મા પોતાની ઓળખ છુપાવે છે, કારણ કે દીકરાની બદનામી થાય તે એને પસંદ નથી અને દીકરાની ઓળખ આપી સમાજમાં ખોટા દાખલા બેસાડ્યા નથી. માનુ નામ આપણે શાંતાબા રાખીશું. આ શાંતાબાને એક માત્ર દીકરો છે. શાંતાબાના પતિ સરકારી નોકરી કરે, પણ જુવાનીનો અંત આવે તે પહેલાં જિંદગીનો અંત આવે છે. ભરજુવાનીમાં શાંતાબા વિધવા બને છે. વૈધવ્યનું દુઃખ તો સ્ત્રીઓ જ સહન કરી શકે. પણ શાંતાબાને આશાનું એક કિરણ હતું. એકનો એક દીકરો કાલે મોટો થશે અને ઘરમાં પુત્રવધૂ આવે પછી મારે સુખ જ છે ને? સ્વ. પતિની જગ્યાએ પુત્રને રહેમરાહે નોકરી અપાવવા શાંતાબાએ ઘણી દોડધામ કરી... દીકરો ઉંમર લાયક થતાં તેને હરખથી પરણાવ્યો. દીકરાને પોતાનું ઘર થાય તે માટે શાંતાબા એ પતિની ગ્રેજ્યુઈટી, પેન્શનની રકમ ખર્ચી નાખી. સમય વહેતો ગયો દીકરાના ઘરે દીકરો અવતર્યો. શાંતાબાના હરખનો પાર ન રહ્યો. સૌને ઘેર ઘેર જઈ પૈંડા આપી આવ્યા...

પૌત્ર પાંચેક વર્ષનો થયો અને હવે શાંતાબા માટે કઠણાઈના દિવસો શરૂ થયા હવે પુત્ર વધુને સાસુમાના પ્રત્યેક વેણ કડવા લાગવા માંડ્યા. સાસુમાનો પ્રત્યેક બોલ ઝીલવા તત્પર પુત્રવધુ સાસુમાંને ધુત્કારવા માંડ્યા. પુત્ર પણ હવે આર્થિક રીતે સધ્ધર બન્યો હતો. તેને દુર્બુધ્ધિ સુઝી કે મમ્મીને પેન્શન આવે છે તો હું શું કરવા તેનું ભરણ પોષણ કરૂં?

અને એક દિવસ આ કપુતે મમ્મીને ઘરથી અલગ રહેવા જણાવી દીધું... શાંતાબાના માથે આભ ફાટી પડ્યું... ઢળતી ઉંમરે હીંડોળા ખાટ પર ઝૂલવાના શમણા જોતા શાતાંબાના શરીરમાં કંપારી છૂટવા લાગી... પણ આ તો પેટના જણ્યાનો પ્રહાર હતો. પોતાનું લોહી આજે જાકારો આપી રહ્યું હતું. વેદનાને ઠાલવવી કયાં? સમાજને આવા પ્રશ્નો ઉકેલવાની કયાં ફુરસદ હોય છે? અને... શાંતાબાએ વૃધ્ધાશ્રમની વાટ પકડી. પોતાનાએ મોં ફેરવી લીધું પણ પારકાને પોતાના કરવાની કપરી કામગીરી શાંતાબાએ કરવાની હતી. નારીમાં સહનશીલતાનો ગુણ જન્મજાત હોય છે, ગમે તેવી કપરી પરિસ્થિતિને તે પચાવી જાણે છે, શાંતાબા વૃધ્ધાશ્રમમાં સેટ થવા પ્રયત્ન કરવા લાગ્યા, પણ તેમને પોતાનો પૌત્ર વારંવાર યાદ આવવા લાગ્યો. એકાદ વરસ માંડ પસાર કર્યુ...

પુત્ર વિયોગ અને પૌત્રની યાદે તેમને બેબાકળા બનાવી દીધા. થયું કે જો પુત્ર દોલતનો પુજારી હોય અને તેને પૈસા જ વહાલાં હોય તો હું પુત્રને જમવાના પૈસા આપી દઈશ... પેન્શન તો આવે જ છે ને? અને શાંતાબા ઓશિયાળા બની ફરી એક વાર પુત્રને શરણે આવ્યા. દીકરા, હું તને ભારે નહીં પડુ, મારા જમવાનો જે ખર્ચ થાય તે હું આપી દઈશ પણ મને ઘરમાંથી દૂર ન કરીશ... અને દીકરાને દયા આવી.... તેણે કહ્યું મમ્મી, એક શરતે તું મારી સાથે રહી શકીશ. તને બીજા માળે એક રૂમ ભાડે આપીશ જેનું ભાડુ મહિને રૂા. બે હજાર તારે ચૂકવવું પડશે. જમવાનું તારે જાતે બનાવી લેવું પડશે. જો મારા ઘેર જમવું હોય તો સવાર સાંજ ટિફીન પહોંચાડી દઈશું જેના તારે અલગથી રૂા. ૧૫૦૦/- આપવા પડશે. કપડા ધોવા, વાસણ - વાસીદુ બધું કામ તારે જાતે કરી લેવાનું રહેશે. દીકરો શરતો બોલતો ગયો અને શાંતાબાના પગ તળેથી ધરતી સરકવા લાગી. આ એ જ દીકરો છે જેણે મારા જ રૂપિયાથી ઘર બનાવ્યું છે? પણ બીજો રસ્તો કયો? દીકરાની માયા છૂટતી નથી અને વૃધ્ધાશ્રમમાં રહેવા જતા પરિવારની આબરૂ જાય છે. માએ હૃદય પર હાથ રાખી દીકરાના ઘરમાં બીજે માળે એક રૂમ ભાડે રાખીને રહે છે. બપોરે અને સાંજે બે ટાઈમ દીકરાના ઘરેથી ટિફીન મંગાવી લે છે. રોકડા રૂપિયા આપીને... સાચે જ મા એ મા છે, તે અપમાનિત થાય છે પણ માતૃત્વને દાગ લાગવા દેતી નથી, પ્રશ્ન એ થાય છે કે ધનના મદમાં છકી ગયેલા દીકરા પાસે મા જયારે ધાવણની કિંમત વસુલ કરશે ત્યારે દીકરો તે કઈ રીતે ચૂકવી શકશે?

# જાણે કે અજાણ્યે કરેલા કર્મોના ફળ તો ભોગવવા જ પડતા હોય છે, ઈશ્વરના ન્યાયમાં કયારેય ચૂક થતી નથી, માટે જ કહે છે - કર્મની ગતિ ન્યારી

## 'કર્મની ગતિ ન્યારી'

- લક્ષ્મી વાઘવાણી

જોન નામનો એક નામચીન ચોર હતો, પણ તે ફક્ત ચોરી જેવા બુરા કામ કરતો હતો, અન્ય કોઈ અવગુણ તેનામાં ન હતાં. એક દિવસ જોન ચોરી કરવા ગયો ત્યાં ઘરમાં ફક્ત પ્રૌઢ કરસન કાકા હતા જે ઊંઘી ગયા હતા. જોન જેવો ચોરીનો સામાન લઈને બહાર નીકળતો હતો ત્યાં જ કરસન કાકા અવાજ સાંભળીને ઊઠી ગયા અને બૂમાબૂમ કરવા લાગ્યા. જોન તરત ગભરાઈ ગયો. અને કાંઈ જ સૂજતાં કરસન કાકાને જોરથી ધક્કો માર્યો, કાકા દિવાલ સાથે જોરથી અફળાયા ને ત્યાં જ ઢળી પડ્યા. કાકાનું પ્રાણ પંખેરૂં ઊડી ગયું. પણ અવાજ સાંભળીને પાડોશીઓ ભેગા થઈ ગયા અને જોન ફસાઈ ગયો, જોન પોલીસના હાથે પકડાઈ ગયો.

જોનનો ગુનો સાબિત થઈ ગયો. તેને જન્મટીપની સજા થઈ. જોનને પોતાને પણ ખૂબ દુઃખ હતું કારણ તેનો ખૂન કરવાનો કે કોઈને નુકશાન પહોંચાડવાનો તેનો કોઈ જ ઈરાદો ન હતો. તે તો ફક્ત ચોરી કરવા જ આવ્યો હતો. જોન લાંબો સમય જેલમાં રહે તેથી તેનો પરિવાર પણ મુશ્કેલીમાં મુકાય તેમ હતો. થોડા દિવસો તે જેલમાં રહ્યો પણ કોઈને હાનિ થાય કે કોઈને ખરાબ લાગે તેવું કાર્ય પણ તેણે કર્યું નહોતું, આથી, બધા તેના વર્તનથી સંતુષ્ટ હતા. જોને તેના નજીકનાં ચોકીદાર (સિપાહી) નિકોલસને બોલાવીને પોતાની લાચારી વ્યક્ત કરી. પોતાના પરિવાર વિશે કહ્યું અને તેને સમજાવ્યો કે જો ભાઈ મારી કોઈ જ દાનત નહોતી કરસન કાકાને મારવાની પણ અજાણતા જ મારાથી આ થઈ ગયું છે. હું આખી જિંદગી અહીં રહીને શું કરીશ? ભાઈ મારા, એક કામ કર, મને અહિંથી છોડવવામાં મદદ કર, ભગવાન તારૂં ભલું કરશે. નિકોલસ મુંજાયો કારણ કે ખૂબ કોમળ હૃદયનો હતો. પણ કંઈ રીતે જોનને છોડાવવો? જોને એક રસ્તો બતાડ્યો કે અહિં કોઈ પણ કેદીનું મૃત્યુ થાય અને તેને કોફીનમાં લઈ જવાનું થાય તો તેની સાથે પ્રથમ હું કોફીનમાં જતો રહીશ પછી ઉપર એ લાશને મૂકજે. કારણ આ જવાબદારી તારી જ છે ને? અને એકાદ કલાક પછી તું આવીને મને બહાર કાઢી નાખજે ત્યાં સુધી તો હું મારા શ્વાસ રોકી શકીશ. થોડી સમજાવટ પછી નિકોલસ માની ગયો અને તેમ કરવા રાજી થઈ ગયો.

હજુ માંડ પંદરેક દિવસ થયા હશે ને ત્યાં સમાચાર મળ્યા કે જેલમાં કોઈનું મૃત્યુ થયું છે. આવા સમયમાં કેદીઓને થોડી વાર માટે ખોલી દેવામાં આવે છે. જોનને ખાતરી હતી કે નિકોલસ સમજી જશે તેથી સમય ગુમાવવો નથી. એમ વિચારીને તકનો લાભ લઈ જોન તરત કોફીનમાં છુપાઈ ગયો. કોફીનને સ્મશાનમાં લઈ જઈને દાટી દેવામાં આવ્યું. એકાદ કલાક વીત્યો છતાં કોફીન ખોલવામાં કોઈ જ ન આવ્યું આટલો સમય વીતી જવાથી જોનને ગભરામણ થવા લાગી કે નિકોલસ કેમ ન આવ્યો તેને મને દગો દીધો. પછી અચાનક વિચાર આવ્યો કે જોઉં તો ખરો કોણ મરી ગયું છે. ખિસ્સામાંથી લાઈટર કાઢીને સળગાવીને તેણે જોયું તો એ લાશ નિકોલસની જ હતી. તે સડક થઈ ગયો. શું કરવું તે તેને સમજાયું નહિ ન તો તે કોફીન ખુલે એમ હતી કે ન તો શ્વાસ લેવાય એમ હતું, અંતિમ ઘડી એ તેને ભાન થયું કે જાણે કે અજાણ્યે કરેલા કર્મોના ફળ તો ભોગવવા જ પડતા હોય છે. ઈશ્વરના ન્યાયમાં કયારેય ચૂક થતી નથી. માટે જ કહે છે "કર્મની ગતિ ન્યારી."